Mastek™
Trust. Value. Velocity

SEC/14/2024-25 April 29, 2024

| Listing Department<br>**BSE Limited**<br>25th Floor, Phiroze Jeejeebhoy Towers<br>Dalal Street, Fort,<br>Mumbai-400 001<br>**SCRIP CODE: 523704** | Listing Department<br>**The National Stock Exchange of India Limited**<br>Exchange Plaza, C-1, Block G,<br>Bandra Kurla Complex,<br>Bandra (E), Mumbai – 400 051<br>**SYMBOL: MASTEK** |
|---|---|
| **ISIN: INE759A01021** | |

Dear Sir(s) / Ma'am(s),

**Sub: Annual Audited Financial Results FY 2023-24 (AAFR)- Published in Newspaper**

In terms of Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find copy of the newspaper advertisement published on April 29, 2024 regarding the extract of the Annual Audited Financial Results of the Company (Consolidated & Standalone) for the Financial Year ended March 31, 2024, in the following newspapers:

1. The Financial Express (Gujarati)

2. Loksatta-Jansatta (Gujarati)

Please note that the AAFR advertisement which was supposed to be published in Ahmedabad edition of Lokasatta-Jansatta on Sunday, April 28, 2024 was inadvertently published in the Vadodara edition by the newspaper. Hence, the same advertisement has been published once again today in Ahmedabad edition of Loksatta-Jansatta by the newspaper.

The said clippings are also hosted on the Company's website at www.mastek.com

Kindly take the above on your record and disseminate the same for the information of investors.

Thanking you,

Yours faithfully,
**For Mastek Limited**

Dinesh Kumar Kalani
Digitally signed by Dinesh Kumar Kalani
Date: 2024.04.29 19:44:31 +05'30'

MASTEK LIMITED

**Dinesh Kalani**
**SVP – Group Company Secretary**

Encl: A/A

## મહારાષ્ટ્ર દિન નિમિત્તે બુધવારે શેર બજારો બંધ રહેશે

# ક્રૂડ ઓઈલના ભાવ સપ્તાહ દરમિયાન અથડાતાં રહ્યા બાદ અંતે ફરી વધ્યા




**અમેરિકાનો જીડીપી વૃદ્ધિનો દર નબળો આવતાં અને ફુગાવો વધતાં અમેરિકી બજારોમાં આંચકા બાદ ગુગલ પેરન્ટ આલ્ફાબેટ સહિતના પરિણામોએ સપ્તાહના અંતે ફરી તેજી**

મુંબઈ, તા.૨૮

૭૫ વર્ષની અનુભવી, ટી ઉદ્યોગ માટે મશીનરીનું મેન્યુફેકચરીંગ, દેશ-વિદેશોમાં સપ્લાય કરતી, ્ શ્ I GLOBAL LTD. , પૂર્ણ વર્ષ ૨૦૨૪-૨૫માં અપેક્ષિત ઈપીએસ રૂ.૩૦.૪૩ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૨૦૦ સામે રૂ.૧૦ પેઈડ-અપ શેર માત્ર બીએસઈ પર રૂ.૨૮૪.૭૫ ભાવે ઉદ્યોગના સરેરાશ ૪૨ના પી/ઈ સામે ૯.૩૫ના પી/ઈએ ઉપલબ્ધ

જીઓપોલિટીકલ ટેન્શન ગત સપ્તાહમાં હળવું થવા સાથે કોર્પોરેટ પરિણામોની સીઝનમાં મિશ્ર ટ્રેન્ડ સાથે ગત સપ્તાહમાં આરંભના ચાર દિવસ બજારમાં ઈન્ડેક્સ બેઝ્ડ તેજીને કાયમ રાખવામાં આવ્યા બાદ એકાએક ફાઈનાન્સ-બેંકિંગ હેવીવેઈટ શેરોમાં ઓફલોડિંગ કરી તેજીનો ઉથલો કરાવવામાં આવ્યો છે. પરંતુ એકંદર ઈન્ડેક્સ મેનેજમેન્ટ ચાલુ હોય એમ સપ્તાહના અંતે જ કરેકશન આપવામાં આવ્યા છતાં સાઈડ માર્કેટ સ્મોલ, મિડ કેપ શેરોમાં તેજીનું ચક્ર ગતિમાન રહ્યું છે. વૈશ્વિક મોરચે હજુ ફુગાવાનું જોખમ સતત ઝળુંબી રહ્યું હોઈ વૈશ્વિક સેન્ટ્રલ બેંકો દ્વારા વ્યાજ દરમાં હાલ તુરત ઘટાડો કરવાથી દૂર રહી ગત સપ્તાહના અંતે બેંક ઓફ જાપાને પ્રમુખ રેટ જાળવી રાખતાં ફરી અમેરિકી ડોલર સામે યેનમાં કડાકો બોલાયો છે. ક્રુડ ઓઈલના ભાવ સપ્તાહ દરમિયાન અથડાતાં રહ્યા બાદ અંતે ફરી વધતાં જોવાયા છે. અમેરિકાનો જીડીપી વૃદ્ધિનો દર નબળો આવતાં અને ફુગાવો વધતાં અમેરિકી બજારોમાં આંચકા બાદ ગુગલ પેરન્ટ આલ્ફાબેટ સહિતના પરિણામોએ સપ્તાહના અંતે ફરી તેજી આવી છે.

વૈશ્વિક મોરચે આગામી સપ્તાહમાં મંગળવારે ૩૦, એપ્રિલના યોજાનારી યુ.એસ. ફેડરલ ઓપન માર્કેટ કમિટી(એફઓએમસી)ની મળનારી મીટિંગ અને ૧, મે ૨૦૨૪ના આ મીટિંગના જાહેર થનારા નિષ્કર્ષ પર નજર રહેશે. વ્યાજ દર આ વખતે યથાવત રહેવાની શકયતા છે. વૈશ્વિક બજારો પર નજર સાથે ક્રુડ ઓઈલ, અમેરિકી ડોલર સામે રૂપિયા સહિતના વૈશ્વિક ચલણોમાં ઉથલપાથલ પર નજર સાથે કોર્પોરેટ પરિણામોની સીઝનમાં ભારતમાં આગામી સપ્તાહમાં ૨૯, એપ્રિલ ૨૦૨૪ના અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા કેમિકલ્સ, ૩૦, એપ્રિલ ૨૦૨૪ના આઈઓસી, ૧લી મે, ૨૦૨૪ના અંબુજા સિમેન્ટ, ૨,મે ૨૦૨૪ના અદાણી પોર્ટ્સ, અદાણી એન્ટરપ્રાઈસીઝ, ૩, મે ૨૦૨૪ના ટાઈટન કંપની, ટાટા ટેકનોલોજીના જાહેર થનાર પરિણામ પર બજારની નજર રહેશે. આગામી સપ્તાહમાં ૧લી, મે ૨૦૨૪ના મહારાષ્ટ્ર દિન નિમિત્તે શેર બજારો બંધ રહેનાર હોવાથી ચાર ટ્રેડીંગ દિવસના સપ્તાહમાં નિફટી ૨૨૫૫૫ ઉપર બંધ થવાના સંજોગોમાં ૨૨૭૭૭ અને સેન્સેક્સ ૭૪૨૨૨ ઉપર બંધ થવાના સંજોગોમાં ૭૪૮૮૮ જોવાઈ શકે છે.

માત્ર બીએસઈ(૫૨૨૨૯૪) લિસ્ટેડ રૂ.૧૦ પેઈડ-અપ, ISO ૯૦૦૧:૨૦૦૮ Certified, ટી એન્ડ આઈ ગ્લોબલ લિમિટેડ (T & I GLOBAL LTD.) ટી પ્રોસેસીંગ મશીનરીની અગ્રણી મેન્યુફેકચરર અને નિકાસકાર કંપની સીટીસી, ઓર્થોડોક્સ અને ગ્રીન ટી માટે કસ્ટમાઈઝ્ડ પ્રોસેસીંગ ઈક્વિપમેન્ટ સપ્લાય કરવામાં નિપૂણતા ધરાવતી કંપની છે. પરિવાર સંચાલિત બિઝનેસ ધરાવતી કંપનીની સ્થાપના વર્ષ ૧૯૪૯માં આસામ-ભારતના ઉદ્યોગપતિ બાગરિયા ફેમિલી દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ વર્ષો જતાં ગ્રુપ દ્વારા ટી ઉદ્યોગ માટે ઘણા ઈન્નોવેટીવ પ્રોડક્ટસ અને વેલ્યુ એડીશન્સ કરાયા હોવા સાથે ફૂડ અને કેમિકલ ઉદ્યોગો માટે કસ્ટમાઈઝ્ડ ડ્રાઈંગ સોલ્યુશન પણ રજૂ કરાયા છે. અત્યારે કંપની તેની પ્રતિષ્ઠા અને ગુડવિલ થકી વિશ્વમાં તમામ ટી ઉત્પાદક દેશોમાં પહોંચી છે. ટી એન્ડ આઈ ગ્લોબલ ભારતમાં બે સંપૂર્ણ મેન્યુફેકચરીંગ સવલતો ધરાવે છે. જેમાં એક કોલકતા-પશ્ચિમ બંગાળમાં અને બીજી તમિલનાડુના ઈન્ડસ્ટ્રીયલ શહેર કોઈમ્બતુરમાં ધરાવે છે. કંપની તેની સેલ્સ અને સર્વિસ સવલતો સ્થાનિક ઓફિસો કોઈમ્બતુર, કોલકતા, કુન્નુર(નિલગિરી), સિલિગુડી(નોર્થ બંગાળ) અને તિનસુખિયા-આસામ અને વિદેશોમાં ઓફિસો કોલંબો-શ્રીલંકા, નૈરોબી, કેન્યા અને હેનોઈ, વિયેતનામમાં ધરાવે છે. આ સવલતો સાથે કંપની કોઈમ્બતુરમાં પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને ઈનોવેશન માટે આર એન્ડ ડી યુનિટ ધરાવે છે. ટી એન્ડ આઈ ગ્લોબલ લિ. માન્ય એક્ષપોર્ટ હાઉસ છે અને કંપની વૈશ્વિક બજારમાં ૪૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. કંપની શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ, બર્મા, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, સાઉથ આફ્રિકા, કેન્યા, યુગાન્ડા, ઝાંમ્બિયા, માલાવી, ઈથોપિયા, નાઈજીરિયા, રવાન્ડા, તાન્ઝાનિયા, બ્રાઝિલ, કોલંબિયા, વિયેતનામ, શ્રીલંકા, મલેશિયા, થાઈલેન્ડ, ચાઈના, ફિલિપાઈન્સ અને પાપુઆ ન્યુ ગ્યુએનામાં નિકાસ બજાર ધરાવે છે. સ્થાનિક બજારમાં કંપની બ્લુચીપ ગ્રાહક કંપનીઓ ટાટા ટી, વિલિયમ્સન મેગોર, હેરિસન મલ્યાલમ લિમિટેડ, વોરેન ટી, કેડીએચપી, પેરી એગ્રો અને ગુડરિક ટી વગેરે ધરાવે છે

## બેંક એકાઉન્ટમાં આટલા લાખથી વધુ રૂપિયા રાખ્યા તો ઈન્કમટેક્સની નોટિસ આવી જશે




નવી દિલ્હી, તા.૨૮

લગભગ દરેક વ્યક્તિ પાસે બેંક એકાઉન્ટ હશે. નોકરી કરતા લોકોનો તો પગાર પણ સીધો બેંકમાં જમા થતો હોય છે. બેંક આ જમા રકમ પર વ્યાજ આપે છે. ઘણીવાર ગ્રાહકો પોતાના સેવિંગ બેંક એકાઉન્ટમાં લાખો રૂપિયા જમા કરી દેતા હોય છે પરંતુ શું તમને ખ્યાલ છે કે તમે બેંક એકાઉન્ટમાં કેટલા રૂપિયા જમા કરી શકો છો. જેથી ઈનકમ ટેક્સની નજર તમારા પર ન પડે.

હંમેશા લોકો વધારે પડતા ટ્રાન્ઝેક્શન આ એકાઉન્ટથી કરે છે. તેમાં પૈસા જમા કરવા અને ઉપાડવાના ટ્રાન્ઝેક્શન થાય છે. સેવિંગ એકાઉન્ટમાં મોટા ભાગના લોકો આ ખાતામાં પોતાની બચત રાખે છે. પરંતુ જ્યારે સવાલ થાય કે સેવિંગ એકાઉન્ટમાં કેટલા રૂપિયા રાખી શકાય છે. તમને જણાવી દઈએ કે સેવિંગ એકાઉન્ટમાં કેટલા પૈસા રાખી શકાય તેની કોઈ લિમિટ નથી. સેવિંગ એકાઉન્ટમાં તમે ઈચ્છો એટલા રૂપિયા રાખી શકો છો, પરંતુ તમારે એક વાતનું ખાસ ધ્યાન રાખવું પડશે.

તો કોઈ સેવિંગ એકાઉન્ટમાં એટલા રૂપિયા ન રાખવા જોઈએ કે તે ઈનકમ ટેક્સની રડાર પર આવી જાય. આઈટી વિભાગને આપણા બેંક એકાઉન્ટમાં કેશ ડિપોઝિટની જાણકારી હોય છે. કેન્દ્રીય પ્રત્યક્ષ ટેક્સ બોર્ડે કોઈપણ બેંક માટે એક નાણાકીય વર્ષમાં ૧૦ લાખ રૂપિયાથી વધુ કેશ જમા કરવાની જાણકારી આપવી ફરજીયાત છે. ૧૦ લાખ રૂપિયાની આ મર્યાદા એફડીમાં રોકડ જમા, મ્યૂચુઅલ ફંડ, બોન્ડ અને શેરમાં રોકાણ અને ફોરેન કરન્સી જેમ ટ્રાવેલર ચેક, ફોરેક્સ કાર્ડ વગેરેની ખરીદી પર પણ લાગૂ પડે છે.

## બોન્ડ યીલ્ડ વધતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી દેખાઈ

# રૂપિયા સામે ડોલરના ભાવમાં ઝડપી આગેકૂચ



**વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશના ૨૭.૫૯થી ૨૭.૬૦ વાળા નીચામાં ૨૭.૦૮થી ૨.૦૯ થઈ છેલ્લે ૨૭.૨૦થી ૨૭.૨૧ ડોલર રહ્યા હતા**

મુંબઈ, તા.૨૮

મુંબઈ ઝવેરીબજારમાં બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવ વધતા અટકી ફરી ઘટાડા પર રહ્યાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિશ્વબજારના સમાચાર ભાવમાં પીછેહટ બતાવતા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૩૪૭થી ૨૩૪૮ વાળા ઘટી નીચામાં ૨૩૨૬થી ૨૩૨૭ થઈ છેલ્લે ભાવ ૨૩૩૭થી ૨૩૩૮ ડોલર સપ્તાહના અંતે રહ્યા હતા. વિશ્વબજાર ઘટતાં ઘરઆંગણે પણ ઝવેરીબજારોમાં ભાવ ફરી દબાણ હેઠળ આવ્યા હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં તથા બોન્ડ યીલ્ડ વધતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી દેખાઈ હતી. અમેરિકામાં જીડીપી ગ્રોથ ઘટતાં તથા ફુગાવો વધતાં ત્યાં હવે આવતા વિકમાં મળનારી ફેડરલ રિઝર્વની મિટિંગ પર બજારની નજર હતી. દરમિયાન, વિશ્વબજાર પાછળ મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૩૫ વાળા વધી રૂ.૮૩.૪૮થી ૮૩.૪૯ બોલાતા થયા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં આજે ચાંદીના ભાવ વધતા અટકી કિલોના રૂ.૫૦૦ ઘટી રૂ.૮૧૦૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના ૯૯.૫૦ના રૂ.૭૪૫૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૪૭૦૦ના મથાળે સુસ્ત હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશના ૨૭.૫૯થી ૨૭.૬૦ વાળા નીચામાં ૨૭.૦૮થી ૨.૦૯ થઈ છેલ્લે ૨૭.૨૦થી ૨૭.૨૧ ડોલર રહ્યા હતા. ચીનમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોફીટના આંકડા નબળા આવ્યા હતા. રશિયા તથા યુક્રેન વચ્ચે ફરી વેગ પકડી રહેલા વોર પર પણ બજારની નજર હતી. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૦.૭૮ ટકા પ્લસમાં રહ્યા હતા. દરમિયાન, વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશના ૯૧૫થી ૯૧૬ વાળા ૯૧૧થી ૯૧૨ થઈ ૯૧૭થી ૯૧૮ ડોલર રહ્યા હતા. જ્યારે પેલેડીયમના ભાવ ૯૬૫થી ૯૬૬ વાળા ૯૫૪ થઈ ૯૫૮થી ૯૫૯ ડોલર છેલ્લે બોલાઈ રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રુડતેલ નરમ હતું. બ્રેન્ટ ક્રુડના ભાવ બેરલના ૮૯.૫૭ વાળા નીચામાં ૮૮.૭૮ થઈ ૮૯.૫૦ ડોલર રહ્યા હતા. યુએસ ક્રુડના ભાવ ૮૪.૧૯ વાળા નીચામાં ૮૩.૩૫ થઈ ૮૩.૮૫ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૨૧૫૮ વાળા રૂ.૭૨૦૦૦ રહ્યા હતા જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૭૨૪૪૮ વાળા રૂ.૭૨૨૫૦ રહ્યા હતા.

## રિટેલ રોકાણકારોની પસંદગી બ્લૂચીપ કંપનીઓ છે

# બીમાર ગણાતાં ૪ રાજ્યમાં ૧ વર્ષમાં રિટેલ રોકાણકાર દક્ષિણ કરતાં ૧૪૯% વધ્યા

નવી દિલ્હી, તા.૨૮

શેરબજારમાં વૃદ્ધિ અને સ્થિરતા લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલા રિટેલ રોકાણકારોની સંખ્યામાં એક વર્ષમાં ૪.૦૩ કરોડ (૩૧.૨૩%)નો વધારો થયો છે. તેમાંથી ૧.૨૮ કરોડ (૩૨.૧૬%) નવા રોકાણકારો બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાંથી આવ્યા છે. તેમને 'બીમાર' રાજ્યોની શ્રેણીમાં રાખવામાં આવ્યા હતા. તેની સરખામણીમાં સમૃદ્ધ ગણાતા તમિલનાડુ, કર્ણાટક, કેરળ અને તેલંગાણામાં માત્ર ૫૨.૧૦ લાખ રિટેલ રોકાણકારો વધ્યા છે.જો આપણે વસ્તીની દૃષ્ટિએ મોટા રાજ્યોની વાત કરીએ તો એક વર્ષમાં સૌથી વધુ ૪૭.૧૯% રિટેલ રોકાણકારોનો વધારો બિહારમાં થયો હતો. છત્તીસગઢ (૪૬.૭૨%), ઉ. પ્રદેશ (૪૫.૯૬%) બીજા, ત્રીજા ક્રમે છે.

ઉત્તર પ્રદેશમાં રોકાણકારોની કુલ સંખ્યા હવે વધીને ૧.૮૧ કરોડ થઈ ગઈ છે. તે ગુજરાતને પાછળ છોડીને મહારાષ્ટ્ર પછી સ્ટોક રોકાણકારોની બીજી સૌથી મોટી વસ્તી ધરાવતું રાજ્ય બન્યું છે.

હાલમાં, રિટેલ રોકાણકારોની પસંદગી બ્લુ ચિપ કંપનીઓ છે. ઈન્વેસ્ટમેન્ટ બ્રોકિંગ ફર્મ ઝિરોધાના જણાવ્યા અનુસાર 'રિટેલ રોકાણકારો હવે સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી જ કંપનીઓમાં રોકાણ કરે છે. તેથી તેઓ બ્લુ ચિપ કંપનીઓમાં વધુ વિશ્વાસ ધરાવે છે.' સૌથી વધુ રકમ ૨.૧૩ લાખ કરોડ રૂપિયાનું રોકાણ એચડીએફસી બેંક, ટીસીએસ, ઈન્ફોસિસ, એચયુએલ, આઈટીસી, આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ તથા તાતામાં કર્યું છે. મૂડી રોકાણકારો બજારમાં પ્રતિષ્ઠ કંપનીઓ પર વધારે વિશ્વાસ મૂકે છે.ત્રણ વર્ષ પહેલાં રિટેલ રોકાણકારો દ્વારા બજારમાં રૂ.૫ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે હવે વધીને ૩૦ લાખ કરોડ રૂપિયા થયું છે.

મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ભારતીય શેરબજારોમાં રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. આમાં પણ મોટો હિસ્સો રિટેલ રોકાણકારોનો છે, જેઓ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા બજારમાં આવી રહ્યા છે.

# USની રોકથી બચવા ચીનની કંપનીઓએ પાડોશમાં ફેક્ટરી સ્થાપી

ન્યૂયોર્ક, તા.૨૭

કેટલાક વર્ષોથી ચીન અને અમેરિકા વચ્ચે વધી રહેલા વેપાર તણાવને કારણે ચીનની કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે. પરંતુ તેણે આનો ઉકેલ શોધી કાઢ્યો છે. ચીનની કંપનીઓ અમેરિકાના પડોશી દેશ મેક્સિકોમાં મોટા પાયે ફેક્ટરીઓ સ્થાપી રહી છે. આનો લાભ તેમને અનેક રીતે મળી રહ્યો છે. પ્રથમ, તેમને અમેરિકન પ્રતિબંધો અને ઊંચા આયાત ટેરિફથી રક્ષણ મળી રહ્યું છે અને બીજું તેમના શિપિંગ ખર્ચમાં બચત થઈ રહી છે.આટલું જ નહીં મેક્સિકન સરકાર આ ચીની કંપનીઓને ફેક્ટરીઓ સ્થાપવા માટે ઘણી છૂટ પણ આપી રહી છે.આમાં બનેલા ઉત્પાદનોને ''મેડ ઈન મેક્સિકો''નું લેબલ લગાવવામાં આવી રહ્યું છે અને અમેરિકન બજારોમાં આડેધડ મોકલવામાં આવી રહ્યું છે. અમેરિકન રિટેલર્સ કોસ્ટકો અને વોલમાર્ટ પાસેથી ફર્નિચર ખરીદનારા મોટા ભાગના અમેરિકન પરિવારોનેએ પણ ખબર નથી કે તેઓ મેડ ઈન મેક્સિકોના નામે ચીની કંપનીઓ પાસેથી પ્રોડક્ટ્સ ખરીદે છે.ચાઈનીઝ ડેવલપર્સ મેક્સિકોમાં ચીની કંપનીઓ માટે વિશાળ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવી રહ્યા છે.દસ ચાઈનીઝ કંપનીઓએ મોન્ટેરીથી લગભગ ૨૫ માઈલ ઉત્તરમાં ૨,૧૦૦-એકરના હોફુસન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં પ્લાન્ટ બનાવ્યા છે, જેની સંખ્યા આગામી બે વર્ષમાં ૩૫ સુધી પહોંચવાની અપેક્ષા છે. છેલ્લા કેટલાક સમયથી મેક્સિકો ચીનનું નવું હબ બની ગયું છે. મેક્સિકોના સીધા વિદેશી રોકાણ (FDI)માં ચીનનો હિસ્સો ઝડપથી વધી રહ્યો છે.ચીનના લિંગોંગ મશીનરી ગ્રૂપે તાજેતરમાં મેક્સિકોના ન્યુવો લિઓન સ્ટેટમાં $5 બિલિયન (૪૨ હજાર કરોડ રૂપિયા)ના રોકાણની જાહેરાત કરી છે.

# ભારતની મુલાકાત રદ કરીને મસ્ક અચાનક ચીનની મુલાકાતે



બેઈજિંગ, તા.૨૮

ભારતની મુલાકાત મુલતવી રાખ્યા બાદ ટેસ્લાના માલિક ઈલોન મસ્ક ચીનના બેઈજિંગ શહેર પહોંચ્યા હોવાના અહેવાલ છે. રોઈટર્સના અહેવાલ મુજબ, મસ્ક અહીં વરિષ્ઠ અધિકારીઓ સાથે ટેસ્લાના ફુલ-સેલ્ફ ડ્રાઈવિંગ (FSD) સોફ્ટવેરના રોલઆઉટ અંગે ચર્ચા કરી શકે છે. આ સિવાય મસ્ક સોફ્ટવેરના એલ્ગોરિધમને તાલીમ આપવા માટે ચીનમાં એકત્રિત કરવામાં આવેલ ડેટાને વિદેશમાં ટ્રાન્સફર કરવાની પરવાનગી અંગે પણ ચર્ચા કરી શકે છે. રેકોર્ડેડ વિડિયોઝમાંથી વિશ્વભરના લાખો ટેસ્લા ડ્રાઈવરોના વર્તનને સમજીને FSDને તાલીમ આપવામાં આવે છે. ટેસ્લાના ચાઈનીઝ ડ્રાઈવરોનો ડેટા ૨૦૨૧થી શાંઘાઈમાં સંગ્રહિત થઈ રહ્યો છેટેસ્લાએ ૨૦૨૧ થી શાંઘાઈમાં તેના ચાઈનીઝ કાફલામાંથી એકત્રિત કરેલ ડેટા સંગ્રહિત કર્યો છે અને તેને યુએસમાં ટ્રાન્સફર કર્યો નથી. ટેસ્લાએ ચાર વર્ષ પહેલાં તેના ઓટોપાયલટ સોફ્ટવેરનું સૌથી સ્વાયત્ત સંસ્કરણ FSD લોન્ચ કર્યું હતું. ગ્રાહકોની વિનંતીઓ છતાં, તે હજી સુધી ચીનમાં ઉપલબ્ધ કરવામાં આવ્યું નથી. જો કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પ્રશ્નના જવાબમાં, મસ્કએ કહ્યું કે ટેસ્લા આ મહિને ચીનમાં ગ્રાહકો માટે FSD ઉપલબ્ધ કરાવી શકે છે.ટેસ્લાએ ચીનમાં ૧૭ લાખથી વધુ કાર વેચી છે. શાંઘાઈમાં આવેલી તેની ફેક્ટરી ટેસ્લાની વિશ્વની સૌથી મોટી ફેક્ટરી છે. ટેસ્લા ભારતમાં પણ તેની ફેક્ટરી સ્થાપવા માગે છે. આ માટે મસ્ક ગયા અઠવાડિયે ભારત આવવાના હતા, પરંતુ વ્યસ્તતાના કારણે તેમણે આ મુલાકાત મોકૂફ રાખી હતી.

મસ્કની મુલાકાત એવા સમયે આવી છે જ્યારે બેઈજિંગમાં ઓટો શો ચાલી રહ્યો છે. તે ગયા અઠવાડિયે શરૂ થયું હતું અને ૪ મેના રોજ સમાપ્ત થશે. ચીનના સૌથી મોટા ઓટો શોમાં ટેસ્લા પાસે કોઈ બૂથ નથી. તેણે છેલ્લે ૨૦૨૧માં તેમાં ભાગ લીધો હતો.

Mastek
Trust. Value. Velocity

## માસ્ટેક લિમિટેડ

CIN નંબર: L74140GJ1982PLC005215
નોંધાયેલ ઓફિસ: ૮૦૪/૮૦૫, પ્રેસિડેન્ટ હાઉસ, સી.એન. વિદ્યાલય સામે, આંબાવાડી સર્કલ પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૬.
ટેલ. નંબર: ૯૧-૭૯-૪૮૫૫-૬૪૩૨
ઈ-મેલ: investor_grievances@mastek.com; વેબસાઇટ: www.mastek.com

**માર્ચ ૩૧, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલા ક્વાર્ટર અને વર્ષના સંકલિત નાણાકીય પરિણામોનો અર્ક**

(રૂા.લાખમાં)

| વિગત | ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસિક (નોંધ ૨ નો સંદર્ભ લો) | ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસિક (નોંધ ૨ નો સંદર્ભ લો) | ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ વર્ષ (ઓડિટેડ) | ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ સમાપ્ત થયેલ વર્ષ (ઓડિટેડ) |
|---|---|---|---|---|
| કામગીરીમાંથી આવક | ૭૭,૯૭૩ | ૭૦,૯૧૮ | ૩૦૫,૪૭૯ | ૨૫૬,૩૩૯ |
| સમયગાળા/વર્ષ માટે ચોખ્ખો નફો (અપવાદરૂપ વસ્તુઓ અને કર પહેલાં) | ૯,૩૮૫ | ૯,૬૨૫ | ૩૯,૦૩૦ | ૪૦,૨૦૫ |
| કર પહેલાંના સમયગાળા/વર્ષ માટે ચોખ્ખો નફો (અપવાદરૂપ વસ્તુઓ પછી) | ૯,૩૮૫ | ૯,૬૨૫ | ૩૮,૬૧૯ | ૪૨,૭૩૭ |
| કર અને અપવાદરૂપ વસ્તુઓ પછીના સમયગાળા/વર્ષ માટે ચોખ્ખો નફો | ૯,૪૪૧ | ૭,૨૫૯ | ૩૧,૦૯૭ | ૩૧,૦૨૭ |
| સમયગાળા માટે કુલ વ્યાપક આવક (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી)] | ૯,૩૮૬ | ૬,૭૭૩ | ૩૩,૧૭૭ | ૩૭,૬૧૧ |
| ઈક્વિટી શેર કેપિટલ | ૧,૫૪૨ | ૧,૫૨૬ | ૧,૫૪૨ | ૧,૫૨૬ |
| અન્ય ઈક્વિટી | - | - | ૨૦૮,૪૯૯ | ૧૬૬,૮૧૫ |
| શેર દીઠ કમાણી (પ્રત્યેક ૫ નું મૂળ શુલ્ક) | | | | |
| (એ) મૂળભૂત | ૨૯.૯૪ | ૨૩.૮૯ | ૯૮.૦૧ | ૯૭.૨૩ |
| (બી) સૂક્ષ્મ | ૨૯.૭૦ | ૨૩.૪૮ | ૯૭.૨૫ | ૯૫.૫૩ |

નોંધ:

૧. માસ્ટેક લિમિટેડના એકીકૃત નાણાકીય પરિણામો સંબંધિત મુખ્ય માહિતી નીચે મુજબ છે:

| વિગત | ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસિક (નોંધ ૨ નો સંદર્ભ લો) | ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસિક (નોંધ ૨ નો સંદર્ભ લો) | ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ વર્ષ (ઓડિટેડ) | ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ સમાપ્ત થયેલ વર્ષ (ઓડિટેડ) |
|---|---|---|---|---|
| કામગીરીમાંથી આવક | ૧૦,૨૧૭ | ૮,૮૮૮ | ૩૭,૨૬૭ | ૩૧,૩૩૯ |
| કર પહેલાં નફો | ૩,૭૩૬ | ૬,૨૧૫ | ૧૧,૬૬૮ | ૧૬,૫૬૫ |
| કર ખર્ચ (ચોખ્ખો) | ૬ | ૧,૦૦૪ | ૩૬૬ | ૩,૩૫૧ |
| કર પછી ચોખ્ખો નફો | ૩,૭૩૦ | ૫,૨૧૧ | ૧૧,૩૦૨ | ૧૩,૨૧૪ |

૨. માસ્ટેક લિમિટેડ ('હોલ્ડિંગ કંપની/ધ કંપની') ના ઉપરોક્ત એકીકૃત અને સ્વતંત્ર નાણાકીય પરિણામો ('નિવેદન') ની સમીક્ષા કરવામાં આવી હતી અને ઑડિટ સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવી હતી અને ત્યારબાદ ૨૬ એપ્રિલ ૨૦૨૪ ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકોમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. વૈધાનિક ઓડિટરોએ ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે એકીકૃત નાણાકીય પરિણામોનું ઓડિટ હાથ ધર્યું છે. માર્ચ ૩૧, ૨૦૨૪ અને માર્ચ ૩૧, ૨૦૨૩માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના આંકડા એ તારીખો પર પૂરા થયેલા વર્ષોના ઓડિટ કરાયેલા આંકડાઓ અને સંબંધિત નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના અંત સુધીના વર્ષ-ટુ-ડેટ આંકડાઓ વચ્ચેના સંતુલિત આંકડા છે, જેના પર ઓડિટરોએ મર્યાદિત સમીક્ષા કરી હતી.

૩. ૩૧ માર્ચ, ૨૦૨૦ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન, માસ્ટેક લિમિટેડે ઈવોલ્યુશનરી સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ ("ESPL'') અને તેની પેટાકંપની કંપનીઓ (એકસાથે "Evosys" તરીકે ઓળખાય છે) ના વ્યવસાય પર નિયંત્રણ મેળવ્યું. માસ્ટેક એન્ટરપ્રાઈઝ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ ("MESPL") (અગાઉ ટ્રાન્સ અમેરિકન ઈન્ફર્મેશન સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતું) દ્વારા આંશિક વિચારણાનું ડિસ્ચાર્જ કરવામાં આવ્યું હતું MESPL ના ૧૫,૦૦૦ ફરજિયાત કન્વર્ટિબલ પ્રેફરન્સ શેર્સ (CCPS), (દરેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુ) જારી કરીને માસ્ટેક લિમિટેડની પેટાકંપની, ત્યારબાદ દરેક ૧ રૂપિયાના ૧૫૦,૦૦૦ CCPSમાં વિભાજિત કરવામાં આવે છે, જે ૩૧ માર્ચ, ૨૦૨૧ ના રોજ સમાપ્ત થતા નાણાકીય વર્ષથી શરૂ થતા ૩ વર્ષના વાસ્તવિક EBITDAના આધારે સંમત EBITDA ગુણાંક પર છૂટા કરવાનો પુટ વિકલ્પ ધરાવે છે, જેમાં રોકડ બંધ કરવા માટેના ગોઠવણોનો સમાવેશ થાય છે. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ, બોર્ડની બેઠક યોજાઈ હતી જેમાં બોર્ડે SEBI (ઈશ્યૂ ઑફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ (સુધાર્યા મુજબ)ના અનુસંધાનમાં સંમત મૂલ્યાંકનને આધારે MESPL ના ૫૦,૦૦૦ CCPSના બીજા તબક્કામાંથી ખરીદવાની મંજૂરી આપી હતી. તદનુસાર, MESPL ના ૫૦,૦૦૦ CCPS ના બીજા તબક્કામાંથી ખરીદી કરવા માટે, ૧૭ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ માસ્ટેક લિમિટેડના ૩૨૦,૭૫૨ ઈક્વિટી શેર (દરેક રૂ. ૫ ની ફેસ વેલ્યુ) જારી કરવામાં આવ્યા હતા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, એક બોર્ડ મીટિંગ યોજાઈ હતી જ્યાં બોર્ડે SEBI (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ (સુધારેલા મુજબ) અનુસાર સંમત મૂલ્યાંકનને આધારે MESPL ના ૫૦,૦૦૦ CCPS ના ત્રીજા અને અંતિમ તબક્કામાંથી ખરીદવાની મંજૂરી આપી હતી. તદનુસાર, MESPL ના ૫૦,૦૦૦ CCPS ના ત્રીજા અને અંતિમ તબક્કામાંથી ખરીદી કરવા માટે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ માસ્ટેક લિમિટેડના ૧૫૯,૯૪૨ ઈક્વિટી શેર (દરેકની રૂા.૫ ફેસ વેલ્યુ) જારી કરવામાં આવ્યા હતા, જેના પરિણામે બિન-નિયંત્રિત વ્યાજની ખરીદી પૂર્ણ થઈ હતી.

૪. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન, માસ્ટેક ઈંક., માસ્ટેક લિમિટેડની સંપૂર્ણ માલિકીની ફર્સ્ટ લેવલ સ્ટેપ-ડાઉન પેટાકંપનીએ એક નિશ્ચિત કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને મેટાસોફ્ટેક સોલ્યુશન એલએલસી ("MST USA")નું ૧૦૦% ઈક્વિટી વ્યાજ હસ્તગત કર્યું હતું. MST USA એ અમેરિકા ક્ષેત્રમાં સ્વતંત્ર સેલ્સફોર્સ કન્સલ્ટિંગ અને સિસ્ટમ એકીકરણ ભાગીદાર છે. ખરીદીની વિચારણામાં USD ૭૬.૬૦ મિલિયન (આશરે રૂા. ૬૧,૨૦૦ લાખ) ની અપફ્રન્ટ ચુકવણીનો સમાવેશ થાય છે અને કમાણી - USD 0 થી USD ૩૫ મિલિયનની વચ્ચે, નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવાને આધીન. અધિગ્રહણ ૧ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ પૂર્ણ થયું હતું. અધિગ્રહણના પરિણામે, MST USA એ કંપનીની સંપૂર્ણ માલિકીની સ્ટેપ ડાઉન પેટાકંપની બની ગઈ હતી અને આવી તારીખથી માસ્ટેક ગ્રુપનું સ્ટેટમેન્ટ તૈયાર કરવાના હેતુ માટે વિચારણા કરવામાં આવી હતી. વધુમાં, ૩૧મી માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન, માસ્ટેક લિમિટેડ, એક નિશ્ચિત કરાર પર હસ્તાક્ષર કર્યા અને મેટા સોફ્ટ ટેક સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ (MST) ના ૧૦૦% ઈક્વિટી શેર હસ્તગત કર્યા, જે ઑફ-શોર સેવા પ્રદાતા છે અને તે મુખ્યત્વે ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને સોફ્ટવેર સપોર્ટ સેવાઓમાં સંકળાયેલી છે. ઈક્વિટી શેર રૂા. ૨,૭૨૩ લાખની વિચારણામાં ખરીદવામાં આવ્યા હતા.

૫. ૩૧મી માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન, માસ્ટેક ઈંક., માસ્ટેક લિમિટેડની સંપૂર્ણ માલિકીની ફર્સ્ટ લેવલ સ્ટેપ-ડાઉન પેટાકંપની, બિઝ એનાલિટિકા એલએલસી ("બિઝ એનાલિટિકા USA") ના ૧૦૦% ઈક્વિટી વ્યાજ હસ્તગત કરવા માટે એક નિશ્ચિત કરાર પર હસ્તાક્ષર કર્યા. BizAnalytica USA એ અમેરિકા ક્ષેત્રમાં સ્વતંત્ર ડેટા ક્લાઉડ, એનાલિટિક્સ અને આધુનિકીકરણ ભાગીદાર છે. ખરીદીની વિચારણામાં USD ૧૬.૭૨ મિલિયન (અંદાજે રૂા. ૧૩,૭૧૦ લાખ) ની અપફ્રન્ટ ચુકવણી અને ૩ વર્ષના સમયગાળામાં USD ૨૪.૦ મિલિયન (અંદાજે રૂા. ૧૯,૬૮૦ લાખ સુધી) સુધીની કમાણીનો સમાવેશ થાય છે, જે નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવાને આધીન છે. વધુમાં, માસ્ટેક લિમિટેડ, બિઝ એનાલિટિકા એલએલસી ની ઓળખાયેલ અસ્કયામતો અને જવાબદારીઓની મંદીની ખરીદી માટે એક નિશ્ચિત કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે ઑફ-શોર સેવા પ્રદાતા છે અને મુખ્યત્વે ડેટા ક્લાઉડ, એનાલિટિક્સ અને આધુનિકીકરણ સંબંધિત સેવાઓ સાથે સંકળાયેલી છે. લગભગ રૂા. ૧,૦૫૦ લાખ (USD ૧.૨૮ મિલિયનની સમકક્ષ) ની વિચારણા માટે ખરીદવાની ઓળખાયેલ અસ્કયામતો અને જવાબદારીઓ સહિતની મંદી ખરીદી, વ્યાપાર વેચાણ કરારની શરતો અનુસાર રૂઢિગત સમાપન ગોઠવણોને આધિન છે. મંદીની ખરીદી ૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ પૂર્ણ થઈ હતી, જેના પરિણામે રૂા. ૧,૦૩૨ લાખની ગુડવિલ થઈ હતી. અધિગ્રહણ ૧ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ પૂર્ણ થયું હતું. અધિગ્રહણના પરિણામે, બિઝ એનાલિટિકા એલએલસી એ માસ્ટેક લિમિટેડની સંપૂર્ણ માલિકીની સ્ટેપ-ડાઉન પેટાકંપની બની ગઈ છે અને આવી તારીખથી ગ્રૂપનું સ્ટેટમેન્ટ તૈયાર કરવાના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવી છે. તમામ ઓળખાયેલી સંપત્તિ અને જવાબદારીઓ વાજબી મૂલ્ય પર સંપાદન તારીખે રેકોર્ડ કરવામાં આવી હતી.

૬. આ સંપાદનમાંથી ઉદ્ભવતા તાજેતરના સંપાદન અને સિનર્જીના કારણે આ અસ્કયામતોની વસૂલાત પછીના મૂલ્યાંકન પછી ગ્રૂપે યુએસએમાં અશોષિત નુકસાન પર વિલંબિત કર અસ્કયામતોને માન્યતા આપી છે.

૭. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૨૬ એપ્રિલ, ૨૦૨૪ના રોજ યોજાયેલી બોર્ડ મીટિંગમાં દરેક શેર દીઠ રૂા. ૧૨ (૨૪૦%) ના ફેસ વેલ્યુ રૂા. ૫ પર અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે.

૮. ઉપરોક્ત ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને વર્ષ માટેના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે જે SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરવામાં આવ્યો છે. ત્રિમાસિક નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com, www.nseindia.com અને કંપનીની વેબસાઈટ www.mastek.com પર પણ ઉપલબ્ધ છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી
માસ્ટેક લિમિટેડ
Sd/-
અશાંક દેસાઈ
અધ્યક્ષ

સ્થળ: યુએસએ/મુંબઈ
તારીખ: ૨૬ એપ્રિલ, ૨૦૨૪